બિન અનામત વર્ગ માટે ઐતિહાસિક નિર્ણય : ભાજપ

કોંગ્રેસ શાસિત રાજ્યોમાં આર્થિક અનામતનો અમલ ક્યાં કર્યો છે તેની પ્રજા સમક્ષ કોંગ્રેસ પાર્ટી સ્પષ્ટતા કરે : રૂપાણી

અમદાવાદ, તા.૨૯

ભાજપ દ્વારા બિનઅનામત વર્ગ માટે પ્રજાલક્ષી ઐતિહાસિક નિર્ણય કરવામાં આવ્યો છે. આજના નિર્ણય બાદ ભાજપે આ અંગેની પ્રતિક્રિયા આપી હતી.

પત્રકારો સાથેની વાતચીતમાં રૂપાણીએ કોંગ્રેસની આકરી ઝાટકણી કાઢતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ દ્વારા સવર્ણ જ્ઞાતિઓના અનામત આપવાની માંગણીનો જે ડોળ કરે છે તેમને તેમના શાસનવાળા બીજા રાજ્યોમાં આર્થિક અનામતનો ક્યાં અમલ કર્યો તેની પ્રજા સમક્ષ સ્પષ્ટતા કરે. કોંગ્રેસની માંગણીઓ રાજકીય છે. અનામતના મુદ્દે ગંદી રાજનિતી કરીને પોતાના રાજકીય રોટલા શેકવા માંગતી કોંગ્રેસને ગુજરાતની પ્રજા નખશિખ ઓળખે છે.

ભાજપા સંગઠન તથા ગુજરાત

સરકાર તેજસ્વી બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે જે કરવું પડે તે કરવા માટે કુતનિશ્ચિયી છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પ્રર્વતમાન મુખ્યમંત્રી યુવા સ્વાલંબન યોજનાનું અમલીકરણ યથાવત સ્થિતિમાં જાળવી રાખવા સાથે યુવાનોને આ પ્રસ્તાવિત ૧૦ ટકા આર્થિક અનામતનો લાભ મળશે તેની બાંહેધરી આપી હતી. તેમજ પ્રસ્તાવિત અનામતનો લાભ નવા શૈક્ષણિક વર્ષ જુન ૨૦૧૬થી મળવાપાત્ર રહેશે. જેના લાભાર્થીઓમાં તમામ બિનઅનામત જ્ઞાતિઓનો સમાવેશ થશે. ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણીએ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તથા વરિષ્ઠ મંત્રી નિતિનભાઈ પટેલ, પ્રદેશ પ્રવક્તા ભરતભાઈ પંડ્યાની ઉપસ્થિતિમાં પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, બિનઅનામત વર્ગો માટે ૧૦ ટકા આર્થિક અનામત આપવાનો ભારતીય જનતા પાર્ટી દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે અને આ અંગે ભાજપાની રાજય સરકાર તા. ૦૧લી મે ગુજરાત સ્થાપના દિને વટહુકમ બહાર પાડશે. રૂપાણીએ પ્રદેશ ભાજપાના આ ઐતિહાસિક નિર્ણયની વિગતો આપતા જણાવ્યું હતું કે, આજરોજ ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને પ્રદેશના આગેવાનોની કોર ટીમની બેઠકમાં અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ રાજયના બિનઅનામત વર્ગો માટે શિક્ષણ અને નોકરીઓમાં ૧૦ ટકા આર્થિક અનામત માટેની જોગવાઈને નિર્ણય કરવામાં આવ્યો હતો.

દિલધડક દ્રશ્ય : રીવર ફ્રન્ટ ખાતે યોજાયેલ એર શૉના દિલધડક દ્રશ્ય માણવાની અમદાવાદીઓને મજા પડી ગઈ. આજે સાડા ચાર વાગ્યે એર શૉના વિધિવત્ પ્રારંભ બાદ અવનવા કરતબ રજૂ થયા હતા. મોટી સંખ્યામાં આમંત્રિતો અને રસિકો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી સાથે આજે પાટીદાર અગ્રણીઓની બેઠક

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાતના મુખ્યમંત્રી સાથે આવતીકાલે સવારે ૭ વાગે પાટીદાર અગ્રણી તેમજ પાસ અને એસપીજી દ્વારા નિમાયેલ મધ્યસ્થીઓ સાથે એક મહત્વની બેઠક મળનાર છે.

પાટીદારો દ્વારા અનામતની કરવામાં આવેલી માંગણીના પગલે આખરે આ પ્રશ્નના ઉકેલ માટે આજે ભાજપ સરકારે બિન અનામત વર્ગના લોકોને ૧૦ ટકા આર્થિક અનામત આપવાનો નિર્ણય લીધો છે.

આ નિર્ણય બાદ આવતીકાલે સવારે ૭ વાગ્યે મુખ્યમંત્રી નિવાસસ્થાને પાટીદાર અગ્રણી અને મધ્યસ્થી મુકેશભાઈ પટેલ અને મહેશ સવાણીની મુખ્યમંત્રી અને મંત્રીઓ સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે મળનારી આ બેઠકમાં ગુજરાતના પ્રવાસે આવેલા ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમીત શાહ પણ ઉપસ્થિત રહેનાર હોવાનું જાણવા મળે છે.

ભજપુરાના બસ સ્ટેન્ડ પાસેથી ૧૫ હજારથી વધુનો દેશી દારૂ પકડાયો

વડાલી તાલુકાના ભજપુરા ગામના બસ સ્ટેન્ડ પાસેથી બુધવારે રાત્રે સ્પેશીયોમાં રૂ. ૧૫,૬૦૦ની કિંમતનો ૭૮૦ લીટર દેશી દારૂને પોલીસે ઝડપી લીધો હતો. ત્યારબાદ ચાલક વિરૂધ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

ભજપુરા બસ સ્ટેન્ડ પાસે વડાલી પોલીસ પેટ્રોલીંગ કરી રહી હતી ત્યારે અહીંથી પસાર થતી સ્પેશીયો નં. જીજે.૦૮.એફ. ૬૮૭૬માં બે જણા જઈ રહ્યા હતા. ત્યારે પોલીસે શંકાને આધારે તેમને ઉભા રાખી તપાસ કરતા સ્પેશીયોમાંથી રૂ. ૧૫,૬૦૦ની કિંમતનો ૭૮૦ લીટર પાસ પરમીટ વિનાનો દેશી દારૂ મળી આવ્યો હતો. જેથી પોલીસે સ્પેશીયો તથા દારૂનો જથ્થો કબજે લઈ ચાલક વિરૂદ્ધ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી.

ભિલોડા તાલુકાના નારણપુર-નારસોલી ગ્રૂપ ગ્રામ પંચાયતના ભ્રષ્ટ્રાચારી સરપંચ વિરૂધ્ધ આવેદનપત્ર અપાયુ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નારણપુર-નારસોલી ગ્રૂપ ગ્રામ પંચાયતના ભ્રષ્ટ્રાચારી સરપંચ વિરૂધ્ધમાં ભિલોડા મામલતદાર જી.કે.પટેલ, ભિલોડા તાલુકા વિકાસ અધિકારી જે.બી. મોડીયાને જાગૃત ગ્રામજનો ધ્વારા આવેદનપત્ર અપાયુ હતું. અંધેરી નગરી અને ગંડુ રાજા જેવો વહીવટ વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓની મીલીભગતથી ચાલતો હોવાનું જણાવ્યું હતું. નારણપુર-નારસોલી ગ્રૂપ ગ્રામ પંચાયતના ભ્રષ્ટ્રાચારી સરપંચ અને તેના મળતીયાઓ ધ્વારા ડાહ્યાભાઈ કોટવાળ સાથે નાણાંકીય લેતી-દેતી કરી ગૌચરની જમીનમાં રબારી પ્રેમાભાઈને પ્લોટ આપી મકાનનું બાંધકામ કરાવેલ છે જ્યારે નારણપુર-નારસોલી ગ્રૂપ ગ્રામ પંચાયત મતવિસ્તારના વર્ષોથી રહેતા બી.પી.એલ.લાભાર્થીઓ આજે પણ પ્લોટ વિહોણા છે. ગરીબ બી.પી.એલ. લાભાર્થી રૂ.૧૦,૦૦૦/- આપે તો પ્લોટ સરળતાથી મળી રહે છે. નારસોલી ગામમાં પીવાના પાણીની પાઈપ લાઈનમાં હલકી ગુણવત્તાનું મટરીયલ્સ વપરાયેલ હોવાના કારણે ઠેર-ઠેર લીકેજ છે જેના કારણે છતાં પાણીએ ઘર-ઘર સુધી પીવાનું પાણી પહોંચતું નથી. નારણપુર-નારસોલી ગ્રૂપ ગ્રામ પંચાયત મતવિસ્તારના અનેક માર્ગો તોડી નખાયા છે. નારણપુર નવી વસવાટના રહેવાસી વિધવા અભણ મહિલા વયોવૃધ્ધ સાથે છેતરપીંડી કરી ઈન્દીરા આવાસ, સરદાર આવાસ યોજના હેઠળના મકાન બનાવવાના ચેકો ઉપર સહીઓ કરાવી હજારો રૂપિયા બારોબાર સગે-વગે સરપંચએ કરી દેતાં ગ્રામજનોમાં ભારે રોષ ભભુકી ઉઠ્યો છે. નારણપુર-નારસોલી ગ્રૂપ ગ્રામ પંચાયતના મતવિસ્તારના ભોળા, અભણ ઠાકોર સમાજના લોકોને મોટા મોટા સ્વપ્નો બતાવી સરદાર આવાસ, ઈન્દીરા આવાસ, પંડીત દિનદયાલ યોજના સહિત વિવિધ મકાનો બનાવવાની યોજનાઓ સંદર્ભે લાખ્ખો રૂપિયાનું ઉઘરાણું કરાયું હોવાનું ગ્રામજનો ધ્વારા જાણવા મળેલ છે. સરપંચ, સભ્યો અને ભ્રષ્ટ્રાચારી અધિકારીઓની પણ મીલીભગત હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું. નારણપુર-નારસોલી ગ્રૂપ ગ્રામ પંચાયતના મતવિસ્તારના જાગૃત પ્રજાજનોએ કે ઉચ્ચ કક્ષાના વહીવટી કક્ષાના અધિકારીઓ ધ્વારા સત્વરે ન્યાયીક તપાસ હાથ ધરવામાં આવે અને સત્વરે યોગ્ય ન્યાયીક કાર્યવાહી નહી કરવામાં આવે તો ગાંધીચિંધ્યા માર્ગે લડત આપવાનું ગ્રામજનો ધ્વારા રણશીંગુ ફુકાયું છે.

આર્થિક ધોરણે અનામત

● અનુસંધાન પહેલાનું ચાલુ

મેના દિવસે જાહેરનામુ જારી કરવામાં આવશે. ગુજરાતના પ્રધાન વિજય રૂપાણી અને મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. ૧૦ ટકા અનામતનો નિર્ણય આજે રાજ્ય એકમની કોર ગ્રુપની બેઠકમાં લેવામાં આવ્યો હતો. જેમાં રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે પાર્ટી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓના પરિણામોને લઈને ચિંતિત હતી. રાજ્યમાં આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. આ નિર્ણયથી કોર્ટ તરફથી નક્કી કરવામાં આવેલી ૫૦ ટકાની અનામતની મર્યાદાનો ભંગ થશે પરંતુ રાજ્ય સરકારે કહ્યું છે કે, આ મુદ્દાને લઈને ગંભીર છે અને આના માટે કાયદાકીયરીતે લડત ચલાશે. વિજય રૂપાણીએ આજે ૧૦ ટકા અનાતમના નિર્ણયની જાહેરાત કરી ત્યારે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને વરિષ્ઠ મંત્રી નીતિન પટેલ પણ હતા. રૂપાણીએ કહ્યું હતું કે, ગુજરાત સ્થાપના દિવસે જાહેરનામુ જારી થશે. ભાજપના નવા નિર્ણયના કારણે છ લાખ સુધીની આવક મર્યાદાવાળા પરિવારને જ અનામતનો લાભ આપવામાં આવનાર છે. ગુજરાતના મુખ્યપ્રધાન આનંદીપટેલે કહ્યુ છે કે અનામત એ જ લોકોને મળશે જે લોકોની આવક છ લાખ કરતા ઓછી છે. ૧૦ ટકા ઈબીસી ક્વોટાને આ વર્ષથી જ અમલી કરવામાં આવનાર છે. પટેલ સમુદાય દ્વારા કરવામાં આવી રહેલા વિરોધ વચ્ચે આ જાહેરાત કરાઈ છે. ભાજપ પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણીએ કહ્યુ હતુ કે સવર્ણ વર્ગના બિન અનામત વર્ગના લોકો માટે ૧૦ ટકા અનામતની જાહેરાત કરવામાં આવતા કેટલીક હદે સ્થિતી હળવી બની શકે છે. કોર કમિટીની બેઠકમાં વિવિધ પાસા પર આજે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં એવો નિર્ણય કરવામાં આવ્યો હતો કે એસસી, એસટી અને ઓબીસી ક્વોટામાં કોઈ પણ ફેરફાર કરવામાં આવ્યો નથી. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં મોટી સંખ્યામાં પાટીદાર સમુદાયના લોકો અનામતને લઈને આંદોલન કરી રહ્યા છે. હાર્દિક પટેલ સહિત કેટલાક પાટીદાર હાલમાં જેલમાં છે. પાટીદાર આંદોલન દરમિયાન હિંસા ભડકી ઉઠી હતી. જેમાં કેટલાક લોકોના મોત પણ થયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અંગત સચિવ સંજય ભાવસારના પુત્રના લગ્નના સત્કાર સમારંભમાં હાજરી આપવા ભાજપના કેન્દ્રીય મંત્રીઓ તથા આગેવાનોનો કાફલો ગઈકાલે ગાંધીનગર આવ્યો હતો. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ પણ રિસેપ્શનમાં હાજરી આપવા મોડી સાંજે અમદાવાદ આવી પહોચ્યા હતા. ગઈકાલના કાર્યક્રમ બાદ આજે બેઠક યોજાઈ હતી જેમાં નિર્ણય કરાયો હતો.

ઘટાડો નોંધાયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર જિલ્લામાં જળસ્ત્રોત સિમિત છે તેમજ પિયતના દર ઘણા ઊંચા છે. ઉનાળુ વાવેતર માટે ગરમીનો આરંભ જ આકરો થયો હોવાથી ખેડૂતોએ ખેતી કરવાનું ટાળ્યુ છે. આ ઉપરાંત જિલ્લામાં કૃષિક્ષેત્રમાં મજૂરોની અછત પણ ઓછા વાવેતર માટે જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે.

જિલ્લામાં બે હજાર હેક્ટર વિસ્તારમાં ઉનાળુ વાવેતર ઘટતાં તેની અસરો શાકભાજીના ભાવો પર પણ જોવા મળી રહી છે.

શહેરમાં હીટવેવ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હીટવેવથી બેબાકળા બની ગયા છે. ગઈકાલે મહત્તમ તાપમાનમાં દોઢ ડીગ્રીનો વધારો થયો હતો. જેના પરિણામે સિઝનની રેકર્ડબ્રેક ગરમી નોંધાઈ હતી. જયારે સતત બીજા દિવસે પણ ગરમીનો પારો વધુ દોઢ ડી ગ્રી ઉંચકાતા આજે મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રી નોંધાયુ હતુ. જેના પરિણામે આજનો દિવસ અત્યારસુધીમા સૌથી ગરમ રહયો હતો. ગરમીએ પોતાના અસલ મિજાજનો પરચો આપતા આમ નાગરિકો ત્રાહીમામ પોકારી ગયા છે. આક્રમક ગરમીના લીધે નગરજનો હીટવેવનો શિકાર બની રહયા છે. ગરમીનુ પ્રમાણ નોંધપાત્ર વધતા નગરમાં લું લાગવાના કીસ્સા વધી રહયા છે. ગરમીની અસરથી બચવા માટે શહેરીજનો અનેક નુસખા અજમાવી રહયા છે. માર્ગ પર જતા રાહદારીઓ ગરમીથી બચવા કપડામાં લપેટાયેલા જોવા મળે છે. જયારે ગરમીના લીધે શહેરમાં પાણીનો વપરાશ પણ વધી ગયો છે. દિવસની આકરી ગરમીના અંતે મોડી સાંજે પણ વાતાવરણમાં ઉકળાટનો અનુભવ થાય છે. જો કે રાત્રિના સમયે પ્રમાણમાં ઠંડક થતા શહેરમાં રાત્રિનો નજારો બદલાઈ જાય છે. રાત પડતા જ ગરમીથી મુર્જાયેલુ જનજીવન નિખરી ઉઠે છે. ગરમીના લીધે શહેરમાં છાશ, શેરડીનો રસ તેમજ ઠંડા પીણાનો ઉપયોગ વધી ગયો છે. આકરી ગરમીમાં બહાર ન નિકળવુ પણ સલાહભર્યુ હોવાનુ તબીબી સુત્રોએ પણ જણાંવ્યુ છે.

બેંકોની ભૂમિકા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમસ્યાના નિવારણ માટે બેંકો પણ તેમનુ યોગદાન આપે તે જરૂરી છે.

પટેલે ગુજરાતમાં દેનાબેંક લીડબેંક તરીકે સારી કામગીરી કરી રહી હોવાનું જણાવી તેમણે કહ્યું કે સરકારની યોજનાઓના અસરકારક અમલીકરણમાં સીડબેંકની ભૂમિકા ચાવીરૂપ હોય છે અને તે સુપેરે નિભાવી છે.

તેમણે બેંકિંગ ક્ષેત્ર માટે નકારાત્મક અભિગમની છાપ સુધારી હકારાત્મક અભિગમ સાથે વિકાસને વધુ ગતિશીલ બનાવવાની ભૂમિકા બેંકો નિભાવે તેવી આશા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે બેંકના ચેરમેન અને મેને. ડિરેક્ટર અશ્વિનીકુમારે દેના હાઉસીંગ અને અન્ય ક્ષેત્રના ધિરાણોમાં તેમની બેંક સારી કામગીરી કરી રહી હોવાની વિગતો આપી બેંકની સેવાઓ વધુ હકારાત્મક અભિગમ સાથે આપશે તેવી ખાત્રી આપી હતી.

આ પ્રસંગે દેનાબેંકના ઉચ્ચ અધિકારીઓ શ્રીમતિ તૃષ્ણા સિંહા, ફિલ્ડ જનરલ મેનેજર બીવી, ઝોનલ મેનેજર ચિત્રા કીર્તિવાસન, નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ જે.એન. સિંઘ, ખર્ચ વિભાગના સચિવ સંજીવકુમાર સહિતના અધિકારીઓ અને કર્મચારી આગેવાનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં બ્રાન્ચ મેનેજર રસિક ધુલકોટિયા દ્વારા આભાર દર્શન કરાયું હતુ.

સુપ્રીમમાં જશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપે છે અને હવે અચાનક અંગ્રેજી માધ્યમમાં પરીક્ષા આપવી ખુબ જ અઘરૂ છે. ઉપરાંત જેટલો તફાવત છે. જે વિષયોનો અભ્યાસ વિદ્યાર્થીઓએ ન કર્યો હોય તેવા પ્રશ્નોનો જવાબ આપવો વિદ્યાર્થીઓ માટે ખુબ જ અઘરૂ છે. સુપ્રિમ કોર્ટ દ્વારા તા. ૦૧.૦૫.૨૦૧૬ના રોજ જે પરીક્ષા લેવાનો આદેશ કર્યો છે તે પ્રમાણે પરીક્ષા આપવા ગુજરાત કોઈ વિદ્યાર્થીઓને કોઈ તક મળી નથી. જેથી ગુજરાતના હજારો વિદ્યાર્થીઓને નુકશાન થાય તેમ હોઈ, રાજય સરકાર વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈને સોમવાર તા. ૦૨.૦૫.૨૦૧૬ના રોજ આ સુધારા પીટીશન દાખલ કરશે અને મંગળવારના રોજ સુપ્રિમ કોર્ટમાં થનાર સુનાવણીમાં પણ ગુજરાતના વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં લઈને રજુઆતો કરવામાં આવશે. મંત્રી પટેલે ઉમેર્યું હતું કે, ગુજરાતના વિદ્યાર્થીઓ માટે નીટની પરીક્ષા ગુજરાતીમાં જ લેવાવી જોઈએ. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના અભ્યાસક્રમ પ્રમાણે જ લેવાવી જોઈએ, ૮૫ ટકા સીટો ગુજરાતના વિદ્યાર્થીઓની જ ભરાવી જોઈએ, ગુજરાતનું મેરીટ લીસ્ટ અલગ મળવું જોઈએ, ગુજસેટની પરીક્ષામાં છેલ્લા બે સેમેસ્ટરનો જ કોર્ષ હોય છે. જ્યારે નીટમાં ચાર સેમેસ્ટરનો કોર્ષ હોય છે. જેથી વિદ્યાર્થીઓને નીટ પરીક્ષાની તૈયારી કરવાનો પુરતો સમય આ વર્ષે મળી શકતો નથી. આ સંજોગોમાં ગુજસેટની પરીક્ષા અંગેની નિર્ણય નામદાર સુપ્રિમ કોર્ટની આગામી સુનાવણી બાદ લેવામાં આવશે તેવો નિર્ણય કરાયો છે.

રીક્ષાઓ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરંતુ ટાઉન પ્લાનીંગ કક્ષાએથી આખરી ન થતા કાર્યયોજના પડી ભાંગી હતી. જયારે વર્ષાના અંતે પણ ફુટપાથ અસ્તિત્વમાં આવ્યા બાદ રીક્ષા સ્ટેન્ડ બનાવાની વાત સદંતર વિસરાઈ ગઈ હોવાનુ સ્પષ્ટ થયુ છે. બીજીતરફ રીક્ષા ચાલકો દ્વારા મીટર ભાડા પધ્ધતિનો પણ અમલ કરવામાં આવતો નથી. જેના લીધે બહારગામથી આવતા મુસાફરો પાસેથી પણ રીક્ષા ચાલકો દ્વારા બેફામ ભાડુ વસુલવામાં આવે છે. શહેરમાં પ્રદુષણ ઓકતી રીક્ષાઓમાં મીટર પધ્ધતિનો અમલ થતો નથી. શહેરમાં દોડતી રીક્ષાઓમાં મિનીમમ ભાડુ પણ વધુ વસુલવામાં આવતો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. વર્ષો પુર્વે શહેરમાં અંતર મુજબ રીક્ષા ભાડુ વસુલવા માટે વિવિધ ઠેકાણે બોર્ડસ લગાવાયા હતા. જયારે આ માટે કલેકટરના અધ્યક્ષ સ્થાને એક કમિટીની રચના પણ કરવામાં આવી હતી. શહેરમાં નક્કી કરાયેલા ૪૫ જેટલા પોઈન્ટસ અન્વયે બોર્ડસ લગાવી પત્રિકાઓનુ પણ વિતરણ કરવામાં આવ્યુ હતુ. જયારે ટુંકા સમયમાં જ આ વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. વર્ષ ૨૦૦૯ની સ્થિતિએ ગાંધીનગરમાં ૫૧૬૫ જેટલી રીક્ષાઓ દોડતી હતી. હાલ રીક્ષાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. પરંતુ નિયમોના અમલીકરણના નામે મીંડુ છે. જેના પરિણામે સ્થાનિક રહીશો તેમજ મુલાકાતીઓના ખિસ્સા ખંખેરાતા હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.

અદલ પલાંઠી...

● ૪ પાનાનું ચાલુ...

મિસરી
અબ ભી યૂં મીલતે હૈ હમસે ફૂલ ચમેલી કે
જૈસે ઈનસે અપના કોઈ રિશ્તા લગતા હૈ
ઔર તો સબકુછ ઠીક હૈ લેકિન કભી કભી યૂં હી
ચલતા ફીરતા શહર અચાનક તન્હા લગતા હૈ

-નિદા ફાજલી

ટચૂકડી જાહેર ખબર

વેચવાનો છે

કોમર્શીયલ પ્લોટ ૩૩૩ વારનો, ગારમેન્ટ અને ટેક્ષટાઈલ માટે પ્લોટ નં. એફ-૦૯, ગુજરાત ગારમેન્ટ ઝોન અને હોટલ મેનેજમેન્ટ કોલેજની જાડે, કુડાસણ

મો. : ૯૩૨૭૦૪૨૬૮૫

મો. ૯૪૨૭૮ ૦૬૨૫૪

(ભાગચંદ્ર)

ટૂંકી મુદતની જાહેર નિવિદા

પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી (આત્મા) સાબરકાંઠા અને અરવલ્લી તતા નાયબ ખેતી નિયામક (તાલીમ) ખેડૂત તાલીમ કેન્દ્ર, ખેડબ્રહ્મા તરફથી વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન કરવામાં આવનાર ખેડુતલક્ષી પ્રવૃત્તિઓ માટે ટ્રાવેલ્સ, કેટરીંગ, મંડપ ડેકોરેશન, ફોટોગ્રાફી / વિડીયોગ્રાફી, સ્ટેશનરી, છાપકામ, ફ્લેક્ષ, બેનર, ભીંત સુત્રો / વૉલ પેઈન્ટીંગ તથા કચેરી ઉપયોગ સારૂ વાહન ભાડે રાખવાની કામગીરી માટે રજી.પો.એ.ડી.થી નિયત તારીખ સુધીમાં અત્રેની કચેરી દ્વારા નિયત ટેન્ડર ફોર્મમાં ભાવો મંગાવવામાં આવે છે. આથી રસ ધરાવતા ઈસમો / પાર્ટીઓએ નિયત કરેલ ટેન્ડર ફી ભરી નિયત તારીખ સુધીમાં ટેન્ડર ફોર્મ મેળવી લેવાના રહેશે. સ્થાનિક ઈસમો / પાર્ટીઓને કામગીરી માટે પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવશે. ભરેલ ટેન્ડરો નિયત તારીખ સુધીમાં રજી.પોસ્ટ એ.ડી.થી નીચે જણાવેલ કચેરીને મોકલી આપવાના રહેશે. ટેન્ડર અંગેની વધુ વિગતો કચેરી સમય દરમિયાન કચેરી ખાતેથી રૂબરૂ જાણી શકાશે.

ટેન્ડર ઈસ્યુ કરવાની તારીખ : ૨/૫/૨૦૧૬ થી ૫/૫/૨૦૧૬
ટેન્ડર પરત લેવાની તારીખ : ૧૩/૫/૨૦૧૬
ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ : ૧૭/૫/૨૦૧૬
ટેન્ડર મેળવવાનું અને પરત કરવાનું સ્થળ : પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી (આત્મા) નવી જીલ્લા પંચાયત, બાયપાસ રોડ, તા. હિંમતનગર, જી. સાબરકાંઠા
ફોન નં. : (૦૨૭૭૨) ૨૪૦૨૨૩

ના.ખે.નિ. (તા.) અને પી.ડી.
આત્મા, સાબરકાંઠ અને અરવલ્લી

જા.નં./આત્મા/જાહેર નિવિદા/૫૪/૨૦૧૬
ક્રમાંક ના.મા.નિ./હિંમત/૩૭/૨૦૧૬